# બાળકોની રીઝર્વેશનવાળી બેઠકો ટીસીએ અન્ય પ્રવાસીઓને ફાળવી દેતાં હોબાળો

## પાલનપુરના વિદ્યાર્થીઓની રીઝર્વ બેઠકો પર અન્ય પ્રવાસીઓનો અડીંગો : મોડી રાત્રે આશ્રમ એક્સપ્રેસમાં વાલીઓ-શિક્ષકોની ટીસી અને અન્ય પ્રવાસીઓ સાથે ઝપાઝપી : એક બાળકના ખભે ઈજા : પ્રવાસ પણ પડતો મુકાયો અને બાળકોનો સામાન પણ છુટી ગયો : રેલવેના અંધેર વહીવટ સામે વાલીઓની નારાજગી





પાલનપુર, તા. ૩

પાલનપુરની વિદ્યામંદિર સંસ્થાની રાજમણી પ્રાથમિક શાળાના ધોરણ-૩ થી ૬ ના વિદ્યાર્થીઓનો દિવાળી વેકેશન પ્રવાસ પ્રારંભે જ રેલવેનો કોચમાં અન્ય પ્રવાસીઓએ જમાવેલા અડીંગાને કારણે ખોરંભે ચઢી ગયો હતો. શાળા દ્વારા બે માસ અગાઉ કરાયેલા રીઝર્વેશન થતા આશ્રમ એક્સપ્રેસના નિયત કોચમાં જગ્યા ના મળતા વાલીઓ અને શિક્ષકોની ફરજ પરના રેલવે ટીસી તેમજ તેમની જગ્યાએ ભરાઈ ગયેલા મુસાફરો સાથે ઝપાઝપી થવા પામી હતી જેમાં એક વિદ્યાર્થી ઈજાગ્રસ્ત થયો હતો અને કેટલાક વિદ્યાર્થીઓનો સામાન પણ છુટી જવા પામ્યો હતો.

પાલનપુરની શૈક્ષણિક સંસ્થા વિદ્યામંદિરની રાજમણી પ્રા. શાળાના ધો. ૩ થી ૬ ના ૫૦ બાળકોનો દિવાળી વેકેશનમાં દિલ્હી-ઉત્તરાંચલનો પ્રવાસ તા. ૨જી નવેમ્બરથી પ્રારંભ થયો હતો. આ પ્રવાસ માટે શાળાના સંચાલકોએ બે માસ અગાઉ તે માટે આશ્રમ એક્સપ્રેસમાં રીઝર્વેશન પણ કરાવી દેવામાં આવ્યું હતું. આ રીઝર્વેશન મુજબ તેમને એસ-૪ અને એસ-૫ માં બેઠકો ફાળવવામાં આવી હતી પરંતુ નિયત સમયે ટ્રેઈન જ્યારે સ્ટેશને આવી ત્યારે આ બંને કોચ પ્રવાસીઓથી ખીચોખીચ ભરેલા હતા અને વિદ્યાર્થીઓ તેમજ શિક્ષકોએ તેમાં બેસવા પ્રયત્ન કર્યો તો ટીસીએ કોચનો દરવાજો જ ખોલ્યો નહી. આ કારણે અવઢવમાં મુકાયેલા શિક્ષકો, વાલીઓ અને વિદ્યાર્થીઓએ જબરદસ્તી કોચમાં પ્રવેશ મેળવ્યો હતો જ્યાં તેમની ટીસી અને કોચમાં ખીચોખીચ ભરાયેલા પ્રવાસીઓ સાથે માથાકૂટ થઈ હતી. આ માથાકૂટ ઝપાઝપી સુધી પહોંચતા ધો. ૪ ના વિદ્યાર્થી પ્રયાગરાજ મનોજભાઈ



(તસવીર : હરેશ જોષી, પાલનપુર)

હતો અને પ્રવાસ રદ થતાં બાળકોના ચહેરા માયુસ બની ગયા હતા.

રેલવેના સૂત્રો તરફથી જાણવા મુજબ રવિવારે અમદાવાદ ખાતે રેલવે બોર્ડની પરીક્ષા હોવાથી તેના ફ્રી પાસ ધરાવનારા ઉમેદવારોને ટીસીએ બાળકોની રીઝર્વેશનવાળી બેઠકો ફાળવી દીધી હતી. મોડી રાત્રે વાલીઓ અને શિક્ષકો દ્વારા સમગ્ર ઘટના ક્રમની રેલવે સ્ટેશનના સુપ્રિટેન્ડન્ટ એસ.કે. સિંઘને જાણ કરી હતી જેમણે વાલીઓની ફરિયાદ લઈ ટિકિટનું રીફંડ અપાવવાની અને ટ્રેઈનમાં રહી ગયેલ સામાન પરત અપાવવાની કાર્યવાહી હાથ ધરી હતી. રૂપિયા ૬૦૦૦ ભરીને પ્રવાસમાં બાળકોને મોકલવા તત્પર વાલીઓ પ્રવાસ રદ થતાં નારાજ થયા હતા અને ધારાસભ્ય મહેશભાઈ પટેલ સમક્ષ ન્યાય અપાવવા રજૂઆત કરી હતી. વાલીઓએ રેલવે તંત્રમાં ચાલી રહેલા અંધેર વહીવટ બાબતે ગુજરાતી વડાપ્રધાન નરેન્દ્ર મોદી સમક્ષ રજૂઆત કરવાની પણ તૈયારીઓ હાથ ધરી છે.







(તસવીર : સમીર બલોચ, મોડાસા)

# ભિલોડાના ડામર પ્લાન્ટને બંધ કરવા ગ્રામજનોની માંગ

ભિલોડા તાલુકાના ભુતાવડ ગામ અને ધોલવાણી ત્રણ રસ્તા સહિતના રહેણાંક વિસ્તાર તથા આસપાસના ખેડૂતોના ખેતરની પાસે જમીનમાં બનાવેલ ડામર મીક્ષીંક પ્લાન્ટના પ્રદૂષણની આડ અસરનો સ્થાનિક રહિશોએ સામનો કરવો પડે છે. આથી આ પ્લાન્ટને યોગ્ય જગ્યાએ ખસેડવા ગ્રામજનોએ ઉગ્ર માંગ કરી છે. અન્યથા આવનાર દિવસોમાં ઉગ્ર આંદોલનની ચિમકી ઉચ્ચારી છે. પ્રાપ્ત માહિતી અનુસાર ભિલોડા તાલુકાના ભુતાવડ ગામ પાસે રહેણાંક વિસ્તારની પાસે ડામર મીક્ષીંક પ્લાન્ટ ધમધમે છે. આથી આસપાસના ખેતરોમાં ખેતી થઈ શકતી નથી તેમજ રહીશોને ડારમ અને ગરમીથી ઉત્પન્ન થતા ઝેરી વાયુનો સતત સામનો કરવો પડે છે. પરિણામે નાના-બાળકો અને વૃદ્ધ લોકોના આરોગ્ય પર વધુ માઠી અસર પડે છે. આથી રહિશોએ ઉગ્ર રોષ વ્યક્ત કર્યો છે અને આખા પ્લાન્ટને અન્ય સ્થળે ખસેડવા માંગ કરી છે. આ મામલે જવાબદાર તંત્રને પણ અનેક રજૂઆતો કરવામાં આવી છે તેમ છતાં કોઈ કાર્યવાહી ન થતા ગ્રામજનોએ આવનાર દિવસોમાં આંદોલન કરવાની ચીમકી ઉચ્ચારી છે.



તસ્વીર : જીત ત્રિવેદી, ભિલોડા

સાબરકાંઠા જીલ્લાના ઈડર તાલુકાના મોટા કોટડા ગામના શ્રી મોટા કોટડા સાર્વજનિક ટ્રસ્ટ સંચાલિત શ્રી ડી. કે. વ્યાસ હાઈસ્કુલના મદદનીશ શિક્ષક કેશુભાઈ પુજાભાઈ પટેલનો વય નિવૃત્તી પ્રસંગે સન્માન સમારંભ યોજાયો હતો. કેશુભાઈ પટેલનું જીવન સુખમય રહે,દીર્ઘાયુ જીવન આનંદમય નિવડે તેવી અભિલાશાઓ વ્યક્ત કરી સન્માનપત્રો, મોમેન્ટો અર્પણ કરાઈ હતી. આ પ્રસંગે સમારંભ અધ્યક્ષ મધુસુદન મિસ્ત્રી મહામંત્રી એ.આઈ.સી.સી., પુર્વ સાંસદ સાબરકાંઠા, ઉદ્‌ઘાટક પ્રવિણભાઈ રાષ્ટ્રપાલ સાંસદ રાજ્યસભા ન્યુ દિલ્હી, મુખ્ય મહેમાન હરીભાઈ ચૌધરી, પ્રેમુભાઈ ઠાકર પ્રમુખ શ્રીમદ્ જેસીંગબાપા હોસ્પિટલ ગાંઠીયોલ, રામજીભાઈ સોલંકી, ડૉ.મૃણાલભાઈ પ્રજાપતી, જીતાભાઈ પટેલ, જગુભાઈ પટેલ, રઘજીભાઈ પટેલ, ડૉ.અનિલભાઈ જોષીયારા ભિલોડા ધારાસભ્ય, કુમાર વનરાજસિંહ રાઠોડ સહિત અગ્રણીઓ ઉપસ્થિત રહ્યા હતા. શ્રી મોટા કોટડા સાર્વજનિક ટ્રસ્ટ પ્રમુખ મોતીભાઈ પ્રજાપતી, મંત્રી દલાભાઈ પટેલ, રમણભાઈ પટેલ, આચાર્ય શ્રી ડી.કે.વ્યાસ હાઈસ્કુલ તેમજ સ્ટાફ પરીવાર, મોટા કોટડા ગામના ગ્રામજનો ધ્વારા શ્રી ડી.કે.વ્યાસ હાઈસ્કુલના મદદનીશ શિક્ષક છેલ્લા ૩૦ વર્ષથી શિક્ષણ ક્ષેત્રે નિષ્ઠાપુર્વક સેવા બજાવનાર કેશુભાઈ પુંજાભાઈ પટેલના વય નિવૃત્તી પ્રસંગે સન્માન પત્ર, મોમેન્ટો આપી શાલ ઓઢાડી સન્માન કરી ભાવભીની વિદાય શ્રી ડી.કે.વ્યાસ હાઈસ્કુલ પરીવાર ધ્વારા આપવામાં આવી હતી. આ પ્રસંગે મોટા કોટડા ગામના ગ્રામજનો, રાજકીય અગ્રણીઓ મોટી સંખ્યામાં ઉપસ્થિત રહ્યા હતા.

## ચાલુ વાહને હેલ્મેટ અને સીટબેલ્ટનો ઉપયોગ ફરજિયાત કરવો

-નદેશિક વાહન વ્યવહાર અધિકારીશ્રી પાલનપુર ધ્વારા જણાવાયું છે કે ચાલુ વાહને હેલ્મેટ અને સીટબેલ્ટનો ઉપગોય ફરજીયાત કરવાનો રહેશે. તથા વાહન હંકારતા હોઈએ ત્યારે મોબાઈલ ફોનનો ઉપયોગ કરવો નહી. માર્ગ અકસ્માતના ઘણાં કારણો છે. જેમાં મુખ્ય કારણો ટુ વ્હીલર વાહન ચલાવતી વખતે હેલ્મેટ ન પહેરવુ, સીટ બેલ્ટ ન બાંધવો તથા ચાલુ વાહને મોબાઈલનો ઉપયોગ કરવો એ છે. તેથી સલામતી અને સાવચેતી માટે આટલું જરૂર કરીએ.

## મહેસાણા-ઊંઝા હાઈવે પર કેનાલમાં કાર ખાબકી : બે ગંભીર

મહેસાણા, તા.૩

આજે મહેસાણા-ઊંઝા વચ્ચે હાઈવે પર ભાન્ડુ નજીક કેનાલમાં એક મોટરકાર ખાબકતાં અંદર બેઠેલા બે વ્યકિતઓને ગંભીર ઈજાઓ થઈ હતી. અમદાવાદ પાસિંગની મોટરકાર આજે સવારે અત્રેથી પસાર થઈ રહી હતી ત્યારે કારના ચાલકે સ્ટીયરીંગ પરનો કાબુ ગુમાવતાં મોટરકાર કેનાલની રેલીંગ ઓળંગીને સીધી કેનાલમાં ખાબકી હતી. કેનાલમાં પાણી ભરેલ હતું.

આ ઘટનાની જાણ થતાં હાઈવે પરથી પસાર થતા વાહનો થંભી રહ્યા હતા અને વાહનચાલકો અન્ય મુસાફરો તેમજ નજીકમાંથી દોડી આવેલ ગ્રામજનોએ કેનાલમાં પડેલ કારમાં સવાર બે વ્યકિતઓને ગંભીર હાલતમાં બહાર કાઢયા હતા. ઈજાગ્રસ્તોને સારવાર અર્થે મહેસાણા હોસ્પિટલમાં ખસેડાયા હતા. આ અંગે વિસનગર તાલુકા પોલીસે ઘટના સ્થળે જઈ કાયદેસરની કાર્યવાહી હાથ ધરી હતી.

# ખેડબ્રહ્મામાં ભૃગુઋષિના મંદિરે દેવ દિવાળીના મેળાની તડામાર તૈયારીઓ

## ભીમાક્ષી નદીમાં ગંગાની ધારા પ્રગટ થતી હોવાની માન્યતા

ખેડબ્રહ્મા, તા. ૩

દેવદિવાળી એટલે કારતક સુદ પૂનમના દિવસે ખેડબ્રહ્મામાં ભૃગુઋષિ મહાદેવના સાનિધ્યમાં ભવ્ય મેળો ભરાય છે. આ મેળાનું ઐતિહાસિક મહત્વ છે. ખેડબ્રહ્મા શહેર ત્રણ નદીઓ હરણાવ-કોસંબી અને ભિમાક્ષી નદીઓના સંગમસ્થાન ઉપર વસેલુ છે. ભીમાક્ષી નદીના કિનારે જીર્ણોધ્ધાર પામેલુ ભૃગુઋષિ મહાદેવ મંદિર દર્શન કરવા જેવુ ંછે. આ ભૃગુઋષિ મહાદેવનું મંદિર ઈડર સ્ટેટના પાંચ રત્નો પૈકીનું એક પૌરાણિક દેવસ્થાન છે.



(તસવીર : રમેશ વૈષ્ણવ, ખેડબ્રહ્મા)

મંદિરમાં દર્શન કરવા મોટી સંખ્યામાં શ્રદ્ધાળુઓ ઉમટી પડે છે. એક માન્યતા મુજબ ભૃગુઋષિના પ્રયત્નથી ભીમાક્ષી નદીમાં વહેલી સવારે ગંગા નદીની ધારા પ્રગટ થતી હોય છે. તેથી વહેલી સવારથી જ શ્રદ્ધાળુઓ નદીમાં સ્નાન કરી ધન્યતા અનુભવે છે. પૂનમના દિવસે આ ભીમાક્ષી નદીમાં મૃત વ્યક્તિના ફૂલ (અસ્થિ) વિસર્જન કરવામાં આવે તો અસ્થિ ઓગળી જતાં હોય છે.

ગલોડીયાના શાસ્ત્રી ભરતભાઈ જે. જોષીના જણાવ્યા અનુસાર નર્મદા નદીના કિનારે ચાણોદ ગામે થતી નારાયણબલીની વિધિ અહી ભૃગુઋષિ મહાદેવના સાનિધ્યમાં ભીમાક્ષી નદી તટે ઘણા કર્મકાંડી બ્રાહ્મણો કરાવે છે. અને વિવિધ વિધિ દ્વારા સંપન્ન કરાવતા હોય છે. મેળો મહાલવા અને ભગવાન સદાશીવના દર્શન માટે હજારોની સંખ્યામાં શ્રદ્ધાળુઓ ઉમટી પડે છે.

## ભૂતપૂર્વ અને સ્વર્ગસ્થ સૈનિકોની પત્નિઓ માટે રક્ષા પેન્શન અદાલતનું આયોજન

પાલનપુર, તા. ૩

જિલ્લા સૈનિક કલ્યાણ અને પુનર્વસવાટ કચેરી, મહેસાણાના કાર્યક્ષેત્રમાં આવતાં ત્રણ જિલ્લાઓ (મહેસાણા, બનાસકાંઠા અને પાટણ)નો સમાવેશ થાય છે. તેમાં વસતાં બધા જ પૂર્વ સૈનિકો/ સ્વ.સૈનિકોના ધર્મપત્નીઓને જણાવવામાં આવે છે. માહે ડિસેમ્બર ૨૦૧૪માં અમદાવાદ ખાતે રક્ષા પેન્શન અદાલત પી.સી.ડી.એ. અલ્હાબાદ દ્વારા યોજવામાં આવનાર છે. જે પૂર્વ સૈનિકો/ સ્વ.સૈનિકોના ધર્મ પત્નીઓને રક્ષા પેન્શન નિયમોનુસાર મળતુ ન હોય, કે તેમના પેન્શનમાં ત્રુટીઓ જણાતી હોય, તેઓએ નમૂના મુજબના અંગ્રેજી/ હિન્દી ફોર્મમાં (કચેરીમાં ઉપલબ્ધ છે) લેખીત રજુઆત તા.૧૫/૧૧/૨૦૧૪ સુધીમાં જિલ્લા સૈનિક કલ્યાણ અને પુનર્વસવાટ કચેરી, જિલ્લા સેવા સદન, બહુમાળી ભવન, બ્લોક નં.૨, ત્રીજો માળ, મહેસાણાને કચેરી સમય દરમ્યાન કરવાની રહેશે. લેખીત રજુઆત સમયે સાધનિક કાગળો સાથે લાવી તથા બેન્કની પેન્શન પાસબુક અચૂક લાવવાની રહેશે. તેમ જિલ્લા સૈનિક કલ્યાણ અને પુનર્વસવાટ અધિકારી, મહેસાણા ધ્વારા અખબારી યાદીમાં જણાવાયું છે.


આપના શહેરમાં ૧૦૦૦ સ્કે. ફીટનો એ.સી. શો-રૂમ જેમાં છે...

સિરામિક વોલ ટાઈલ્સ ● વીટ્રીફાઈડ ટાઈલ્સ ● સિરામિક ફ્લોર ટાઈલ્સ ● એક્વાઆર્ટ ● વોલ ક્લેડીંગ ● માર્બલ સ્ટોન અને ક્વાર્ટ્ઝ્ તેમજ વિવિધ પેટર્ન્સ અને કોમ્બીનેશન્સની વિશાળ શ્રેણી

એક્સક્લુસિવ શો-રૂમ

AGL TILES WORLD Radhe ENTERPRISE

પહેલે માળ, ૧૦૧, ૧૦૨, ૧૦૩, જય યોગેશ્વર કોમ્પલેક્સ, સિટી પલ્સ સિનેમા પાસે, કુડાસણ બસ સ્ટોપની સામે, ગાંધીનગર - કોબા હાઈવે, ગાંધીનગર. મોબાઈલ : ૯૪૨૬૫ ૧૩૬૦૧

ટાટા મોટર્સની ઓથોરાઈઝ ડીલર

મોર્ડન મોટર્સ

ગુજરાત સરકાર માન્ય
ISO-9001:2008 COMPANY

સુવિધાઓ...
(૧) કોમ્પ્યુટરાઈઝ્ડ વ્હીલ એલાયમેન્ટ બેલેન્સીંગ
(૨) સર્વિસ ગ્રીસીંગ
(૩) મીકેનીકલ રીપેરીંગ
(૪) ઓટો ઈલેક્ટ્રીકલ કામ
(૫) બોડી-કલર કામ (૬) જેન્યુન સ્પેર પાર્ટ
(૭) ટાટા કંપનીના તમામ વાહનોનું રીપેરીંગ કામ સંતોષકારક કરી આપનાર

ઓથોરાઈઝ્ડ સર્વિસ ડીલર TATA
ઓથોરાઈઝ્ડ ડીલર Castrol EXIDE INDUSTRIES LIMITED BRIDGESTONE PASSION for EXCELLENCE JK TYRE

ઓથોરાઈઝ્ડ ડીલર : બ્રીજસ્ટોન, જે.કે. ટાયર-ટ્યુબ, એકસાઈડ બેટરી, હીન્દુસ્તાન મોટર્સ લી.

પ્લોટ નં. ૪૦૩, જી.આઈ.ડી.સી., સેક્ટર-૨૮, કામા મોટર્સની બાજુમાં, ગાંધીનગર-૩૮૨ ૦૨૮
ફોન. : (ઓ) ૦૭૯-૨૩૨૧૧૪૮૫, ફેક્સ : (૦૭૯) ૨૩૨૧૨૬૪૦
મો. : ૯૮૨૫૨ ૬૨૨૯૧, ૯૯૦૪૦ ૪૪૭૦૦